# બીજી ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટ

20 નવેમ્બર, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાનાં પ્રધાનમંત્રી એન્થની આલ્બાનીસે 19 નવેમ્બરનાં રોજ રિયો ડી જાનેરોમાં જી20 શિખર સંમેલનની સાથે-સાથે બીજી ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક શિખર પરિષદનું આયોજન કર્યું હતું. પ્રથમ વાર્ષિક શિખર સંમેલન 10 માર્ચ, 2023 ના રોજ નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી અલ્બાનીઝની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન આયોજિત થયું હતું.

2. પ્રધાનમંત્રીઓએ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે વિસ્તૃત વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા માટે તેમનાં સમર્થનની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને રોકાણો, શિક્ષણ, કૌશલ્ય અને ગતિશીલતા, પુનઃપ્રાપ્ય ઊર્જા, અંતરિક્ષ, રમતગમત અને લોકો વચ્ચેનાં સંબંધોનાં ક્ષેત્રોમાં સહકારની ચર્ચા કરી હતી. આ પ્રસંગે એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીઓએ પુનઃપ્રાપ્ય ઊર્જા ભાગીદારીના શુભારંભને પણ આવકાર્યો હતો.

3. બંને પક્ષોએ પારસ્પરિક હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ અભિપ્રાયોનું આદાનપ્રદાન કર્યું હતું. તેમણે શાંતિપૂર્ણ, સ્થિર અને સમૃદ્ધ ઇન્ડો-પેસિફિક રિજન માટે તેમની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો, જે આંતરરાષ્ટ્રીય કાયદા માટે આદર પર આધારિત છે.

**જ્યોર્જટાઉન**
**નવેમ્બર 20, 2024**